# આંક–૦૧ લગત હુકમ

૧. આ કામે રેકર્ડ ધ્યાને લીધું, હાલની ફરીયાદ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળ કરવામાં આવેલ છે. હાલનો કેસ **સને:૨૦૧૮** ના વર્ષનો છે.હાલના કેસમાં રેકર્ડ વંચાણે લેતાં, હાલનો કેસ છેલ્લા ઘણાં વર્ષોથી આરોપીને બજવણી માટે પેન્ડીંગ છે પરંતુ ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસની બજવણી માટે કોઈ સક્રિય તજવીજ કરતાં નથી કે આરોપીનું નવું સરનામું રજુ કરતા નથી. તેમજ છેલ્લી ઘણી મુદતોથી ફરીયાદી હાજર રહેલા નથી. જેથી, ફરીયાદપક્ષને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોવાનું ફલિત થાય છે. તેમજ ફરીયાદીની બેદરકારી જણાઈ આવે છે. હાલનો કેસ ઘણા લાંબા સમયથી બિન અસરકારક રીતે પડી રહેલ છે. તેમ છતાં,ફરીયાદી દ્વારા કેસની કાર્યવાહી આગળ વધારવા કોઈ જ સક્રિયતા દાખવેલ નથી. આજરોજ પણ ફરીયાદપક્ષ તરફે કોઈ હાજર નથી કે કોઈ મુદત રિપોર્ટ રજુ નથી.

૨. વધુમાં, **નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના** ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે સાથોસાથ **નામ. ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબર: ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો** ચૂકાદો ધ્યાને લેતાં, તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાં ના હોય તો, તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે.

૨. આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૪ થી, માહે:સપ્ટેમ્બર,સને–૨૦૨૪ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૯/૨૦૨૪
સ્થળ: અમદાવાદ.

**( કે.બી.વાઘેલા )**
૩૩ મા એડિ.ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ
ને.ઈ.એ. કોર્ટ નં.૩૦,અમદાવાદ શહેર
જીજે ૦૧૧૪૨